સત્યમેવ જયતે

કેસ દાખલ કર્યા તા. ૨૯–૧૦–૨૦૨૫
કેસ રજી.લીધા તા. ૨૯–૧૦–૨૦૨૫
ઠરાવ જાહેર કર્યા તા.૧૭–૦૬–૨૦૨૬
અવધી:વર્ષ :૦૦,મહિના: ૦૭ ,દિન: ૧૯

## ભાણવડના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ભાણવડ

ફોજદારી કેસ નં. ૧૦૫૧/૨૦૨૫
આંક–

શ્રી સરકાર ....................ફરિયાદી

–:: વિરૂધ્ધ ::–

(૧) અવિનાશભાઈ મનસુખભાઈ બગડા,
રહે. મોરઝર ગામ નદિના સામા કાંઠે,
તા. ભાણવડ જી.દેવભૂમિ દ્વારકા.
(૨) જયદિપભાઈ અનિલભાઈ વાઘેલા,
રહે. નવા સોરઠીયા વાસ, નવાગામ રોડ,
તા. ભાણવડ જી. દેવભૂમિ દ્વારકા.
(૩) રૂડાભાઈ કરમણભાઈ ઉલવા,
રહે. સાજણાવારા નેશ,
તા. રાણાવાવ જી. પોરબંદર.
(૪) રામભાઈ દેવાભાઈ ખાખર,
રહે. સખપુર ગામ શંકરભગવાનના મંદિરની બાજુમાં
તા. જામજોધપુર જી. જામનગર .....................આરોપી

---

| | | |
|---|---|---|
| શ્રી સરકાર તરફે | :– | વિ.એ.પી.પી. એચ.આર.અંબાસણા |
| આરોપીઓ તરફે | :– | વિ.વ.શ્રી એ.એચ.પરમાર |

---

ગુનો:– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ

**-:: ઠ રા વ ::-**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, ગઈ તા.૧૨-૦૭-૨૦૨૫ ના રોજ કલાક ૨૩:૦૦ વાગ્યાના સુમારે આ કામના આરોપી નં.(૧) તથા (૨) તથા કાયદાથી સંઘર્ષીત કિશોર(ખુશાલભાઈ )નાઓએ આ કામના આરોપી નં. ૧ અવિનાશભાઈના કબજા ભોગવટાની ફોરવ્હીલ ગાડી ફીગો જેના રજી. નં. જી.જે.- ૧૮-બીબી-૯૨૭૧ વાળીમાં ગે.કા. રીતે ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ-૪૩ કી.રૂ. ૫૧,૭૦૦/- ની વેચાણથી લઈ ઈગ્લીશ દારૂ તથા મોબાઈલ ફોન જેની કી.રૂ. ૭,૦૦૦/- તથા ફોરવ્હીલ ગાડી મળી કુલ રૂા. ૨,૫૮,૭૦૦/- ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ, સદરહું મુદામાલ અંગે પુછપરછ કરતા સદરહુ ઈગ્લીશ દારૂ કાયદાથી સંઘર્ષીત કિશોર(ખુશાલભાઈ)નાઓએ આરોપી રૂડાભાઈ પાસ ેથી લઈ આવેલાનુ જણાવેલ હોય, બાદ તપાસ દરમ્યાન આરોપી રૂડાભાઈ મળી આવતા તેઓને અટક કરી સદરહુ મુદામાલ બાબતે પુછપરછ કરતા સદરહુ મુદામાલ રામભાઈ દેવાભાઈ ખાખર પાસ ેથી લીધેલાનુ જણાવેલ. આમ તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો સદર અદાલતની હકુમતમાં આચરેલ હોય અને અનવેષણ પુરુ થતા સદર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

(૨) સદર ગુનાના કામે આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ વિરૂધ્ધ સદર કેસના કામે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓને બી.એન.એસ.એસ. કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીઓની સામે આંક-૦૭ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આરોપીઓએ આંક-૦૮ થી આંક-૧૧ ધ્વારા આપેલ નિવેદનમાં આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ. સબબ આરોપી વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

**-: મૌખિક પુરાવો:-**

| ક્રમ નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૧૪ | ભુપતભાઈ માંડાભાઈ ચાવડા | પંચ સાહેદ |
| (૨) | ૧૬ | સાગરભાઈ ખીમાભાઈ પરમાર | પંચ સાહેદ |
| (૩) | ૧૭ | ગીરીશભાઈ અરજણભાઈ ગોજીયા | ફરીયાદી/ત.ક.અ |

**-:દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૫ | પંચનામું |

| | | |
|---|---|---|
| (૨) | ૧૮ | ફરીયાદ |
| (૩) | ૧૯ | ગુના રજી રીપોર્ટ |
| (૪) | ૨૦ | રવાનગી પાાવતી |

(૪) ત્યારબાદ આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં જણાવેલ છે કે તેઓની સામે ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ કાંઈ જાણતા નથી, તેઓ નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે ગુનાનાં કામે સંડોવી દેવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસનાં નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

-: મુદ્દાઓ :-

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, ગઈ તા.૧૨-૦૭-૨૦૨૫ ના રોજ કલાક ૨૩:૦૦ વાગ્યાના સુમારે આ કામના આરોપી નં.(૧) તથા (૨) તથા કાયદાથી સંઘર્ષીત કિશોર(ખુશાલભાઈ )નાઓએ આ કામના આરોપી નં. ૧ અવિનાશભાઈના કબજા ભોગવટાની ફોરવ્હીલ ગાડી ફીગો જેના રજી. નં. જી.જે.- ૧૮-બીબી-૯૨૭૧ વાળીમાં ગે.કા. રીતે ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ-૪૩ કી.રૂ. ૫૧,૭૦૦/- ની વેચાણથી લઈ ઈગ્લીશ દારૂ તથા મોબાઈલ ફોન જેની કી.રૂ. ૭,૦૦૦/- તથા ફોરવ્હીલ ગાડી મળી કુલ રૂા. ૨,૫૮,૭૦૦/- ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ, સદરહું મુદામાલ અંગે પુછપરછ કરતા સદરહુ ઈગ્લીશ દારૂ કાયદાથી સંઘર્ષીત કિશોર(ખુશાલભાઈ)નાઓએ આરોપી રૂડાભાઈ પાસેથી લઈ આવેલાનુ જણાવેલ હોય, બાદ તપાસ દરમ્યાન આરોપી રૂડાભાઈ મળી આવતા તેઓને અટક કરી સદરહુ મુદામાલ બાબતે પુછપરછ કરતા સદરહુ મુદામાલ રામભાઈ દેવાભાઈ ખાખર પાસેથી લીધેલાનુ જણાવેલ. આમ તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓનાં મારાં જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) ઉપરોકત નિર્ણય માટેના કારણો અને રેકર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન:-

(૭.૧) આ કામે આંક-૧૪ થી પંચ સાહેદ ભુપતભાઈ માંડાભાઈ ચાવડા ને તથા આંક-૧૬ થી પંચ સાહેદ સાગરભાઈ ખીમાભાઈ પરમાર ને સોગંદ ઉપર તપાસેલ છે. આ બંને પંચસાહેદો આંક-૧૫ થી મુદ્દામાલ કબ્જે કર્યા નાં પંચનામા ના પંચ સાહેદો છે. પરંતુ આ બંને પં ચસાહેદોએ તેઓની સરતપાસમાં માત્ર પંચનામા માં તેઓની સહીને જ ઓળખી બતાવેલ છે. તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી આ બંને પંચ સાહેદોને વિ.એ. પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતો ને લ ેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી.

જયારે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગાડી કોનીમાલીકીની હતી તેની મને ખર નથી તથા ગાડી કઈ હતી તેની મને ખબર નથી અને પોલસના તૈયાર કાગળમાં મે માત્ર સહી કરેલી તે સિવાય બીજું હું કાંઈ જાણતો નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પોલીસના તૈયાર કાગળમાં મે માત્ર સહી કરેલ તે સીવાય હું બીજું કાંઈ જાણતો નથી અને રામભાઈ દેવાભાઈ ખાખરને મારી રૂબરૂ અટક કરેલ નથી.

આમ, ઉપરોકત પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આંક-૧૫ વાળુ પંચનામુ સદર પંચોની જુબાનીથી પુરવાર થયેલુ જણાઈ આવતુ નથી.

(૭.૨) આ કામે ફરીયાદી/ત.ક.અમલદાર ગીરીશભાઈ અરજણભાઈ ગોજીયા ને આંક-૧૭ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે તથા સમગ્ર ગુનાની તપાસ નિષ્પક્ષ રીતે કરેલ હોવાનું જણાવેલ છે.

જયારે આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં ફરીયાદીએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ભાણવડ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તેદર્શાવતો કોઈ સાધનીક આધાર મે આ કામે રજુ કરેલ નથી અને બનાવવાળો વિસ્તાર વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી અને વાહનની માલીકી અંગેનો આધાર રજુ રાખેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપી રૂડાભાઈ કરમણભાઈ ઉલવાનાઓને મુદામાલ સાથે પંચો રૂબરૂ અટક કરેલ નથી અને કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કેવી રીતે પેટ્રોલીંગમાં હતા તે વિગતો ફરીયાદમાં જણાવેલ નથી અને આરોપી રામાભાઈ દેવાભાઈ ખાખરનાઓનું નામ અન્ય આરોપીની કસ્ટડી દરમ્યાન ખુલવા પામેલ છે. જયારે આ સીવાય અન્ય

હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૮) આમ, આ કામે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી. જેથી આંક–૧૫ વાળા પંચનામાની વિગત રેકર્ડ પર પુરવાર થતી નથી. વધુમાં આ કામે ફરીયાદીએ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે અમો પેટ્રોલીંગમાં હતા તે દર્શાવતો કોઈ સાધનીક આધાર મે આ કામે રજુ કરેલ નથી ત્યારે આ કામના ફરીયાદી પોતે કાયદાના જાણકાર વ્યકિત છે અને સરકારી અધિકારી છે તેમ છતા તેઓએ કાયદાને અનુસવરી પડતી પ્રક્રિયાઓને અનુસરેલ નથી. આમ, પ્રથમ દર્શનીય રીતે ફરીયાદીએ આપેલ ફરીયાદ શંકા સ્પદ જણાઈ આવે છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે અને આ કામે કોઈ સ્વતં ત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી ત્યારે બનાવવાળો જાહેર વિસ્તાર હોય ત્યાં માણસો હોવાની સં ભાવના પ્રબળ બની રહે છે તેવા સંજોગોમાં આ કામના ફરીયાદી /ત.ક.અમલદાર ધ્વારા કોઈ સ્વતં ત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. આમ, ફરીયાદી /ત.ક.અમલદારની વર્તણુંક પર શંકાના પરીઘમાં આવી જાય છે. વધુમાં આ કામે રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, આ કામના ફરીયાદી તથા ત.ક.અમલદાર બંને એક જ વ્યકિત છે. જેથી તેઓ રસ ધરાવતા સાહેદ છે. આમ, જયારે હાલના ગુનાની ફરીયાદ તથા તપાસ બંને એક જ વ્યકિત ધ્વારા કરવામાં આવેલ હોય ત્યારે તપાસ દુષીત થવાની સંભાવના પ્રબળ બની રહે છે. આમ, સમગ્રપણે ત.ક.અમલદારે કરેલ તપાસ નિષ્પક્ષ રીતે કરેલ હોવા પરત્વે શંકા ઉપસ્થીત થાય છે. આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં SATISH MEHRA VS DELHI ADMINISTRATION 1996 (3) CRIMES,85 નાં ચુકાદામાં નામ.ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની Formality પુરી કરવાની જરૂર નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ પણ નિરીક્ષણ કરેલ છે કે, when Judge is fairy certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a trial only for proposes of formally completing the proposes to provision the conclusion on future date. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ ન હોય જેથી ફરિયાદપક્ષ મુદ્દા નં. ૧ ની હકીકતો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય ત્યારે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. આ કામનાં આરોપી (૧) અવિનાશભાઈ મનસુખભાઈ બગડા, રહે. મોરઝર ગામ નદિના સામા કાંઠે, તા. ભાણવડ જી.દેવભૂમિ ધ્વારકા (૨) જયદિપભાઈ અનિલભાઈ વાઘેલા, રહે. નવા સોરઠીયા વાસ, નવાગામ રોડ, તા. ભાણવડ જી. દેવભૂમિ ધ્વારકા (૩) રૂડાભાઈ કરમણભાઈ ઉલવા, રહે. સાજણાવારા નેશ, તા. રાણાવાવ જી. પોરબંદર (૪) રામભાઈ દેવાભાઈ ખાખર, રહે. સખપુર ગામ શંકર ભગવાનના મંદિરની બાજુમાં તા. જામજોધપુર જી. જામનગરનાઓને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનાં સજાને પાત્ર ગુન્હા માંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧(૧) અન્વયે પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ સરકારી વકીલશ્રીનો અભિપ્રાય લઈ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં પ્રોહી મુદ્દામાલ સીવાય જો મોબાઈલ/વાહન અંગે અગાઉ જો કોઈ વચ્ચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અંગેનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા જો તેઓ કોઈ વચ્ચગાળાનો હુકમ થયેલ ન હોય તો જરૂરી ઈન્કવાયરી કરી પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ અધિકારીએ માંગણી કરનાર અરજદારની માલીકીની ખરાઈ કરી સદરહુ મુદામાલ અપીલ સમય બાદ પરત સોપવાનો હુકમ કરવમાં આવે છે.

૩. આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબ ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૧૭–૦૬–૨૦૨૬.

( શ્રી. પ્રખર ગૌતમ)
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ભાણવડ.
જજ કોડ નં.જી.જે.૦૧૭૫૧